અનુસૂચિત જાતિના ઉમેદવારોને હાઇસ્કીલ અપગ્રેડેશન તાલીમ આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ અજક-૧૦૨૦૧૦-ન.બા.૧૯-ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૩/૦૭/૨૦૧૦

વંચાણમાં લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૮-૦૪-૨૦૧૦ નો ઠરાવ ક્રમાંકઃઅજક-૧૦૨૦૧૦-ન.બા.૧૯-ગ

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૪-૦૬-૨૦૧૦ નો ઠરાવ ક્રમાંકઃ અજક-૧૦૨૦૧૦-ના.બા.૧૯-ગ

(૩) તા.૨૪-૦૬-૨૦૧૦ ના રોજ અગ્રસચિવશ્રી (સામાજિક ન્યાય અને અધિ.)ના અધ્યક્ષસ્થાને મળેલ બેઠકની કાર્યવાહી નોંધ.

ઠ રા વઃ-

અનુસૂચિત જાતિના ઉમેદવારો માટે હાઇસ્કીલ અપગ્રેડેશન તાલીમ આપી તાલીમ દ્વારા ઉમેદવારોને રોજગારી આપી આર્થિક રીતે પગભર કરી શકાય તે હેતુથી અને નોકરી મેળવી શકે તે હેતુથી આધુનિક યુગમાં ઉભાં થતાં નવા ક્ષેત્રો જેવા કે ઓટોમોબાઇલ, બાંધકામ, માહિતી અને પ્રાદ્યોગિકી (આઇ.ટી.) બી.પી.ઓ. રીટેઇલ મેનેજમેન્ટ, કૃષિ અને અન્ય વ્યવસાયો માટે અનુસૂચિત જાતિના ઉમેદવારોને હાઇસ્કીલ અપગ્રેડેશન તાલીમ આપવાની યોજના માટે સને ૨૦૧૦-૧૧ ના વર્ષમાં રૂ.૧૦૦૦.૦૦ લાખની નવી બાબત ઉપર વંચાણે (૧) માં લીધેલ વિભાગના તા. ૨૮-૦૪-૨૦૧૦ ઠરાવથી મંજૂર કરવામાં આવેલ છે.

૨. ઉપર (૨) માં વંચાણે લીધેલ આ વિભાગના તા.૪-૦૬-૨૦૧૦ ના ઠરાવથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરની દરખાસ્ત ઉપર કાળજીપૂર્વકની વિચારણા કરીને આ કામગીરી ઇ-ટેન્ડરીંગથી કરવાના બદલે "ડી-સેંગ" સોસાયટી દ્વારા કરવા અંગેના હુકમો કરવામાં આવેલ છે.

નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ
ગાંધીનગર



Scanned with CamScanner

૩. ઉપરોકત હુકમોના અનુસંધાને તા.૨૪-૦૬-૨૦૧૦ ના રોજ અગ્રસચિવશ્રી (સામાજિક ન્યાય અને અધિકારીતા) ના અધ્યક્ષપદે મળેલ બેઠકમાં નકકી થયા મુજબ આ યોજનાનું અમલીકરણ કરવા માટે પ્રોજેકટ મેનેજમેન્ટ કમીટી તેમજ ટાસ્કફોર્સ કમીટીની રચના કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

૪. સરકારશ્રીએ કાળજીપૂર્વકની અને પુખ્ત વિચારણાના અંતે આ યોજનાના અસરકારક અમલીકરણ માટે નીચે મુજબ પ્રોજેકટ મેનેજમેન્ટ કમીટી અને ટાસ્કફોર્સ કમીટીની રચના કરવાનો નિર્ણય કરેલ છે.

(અ) <u>પ્રોજેકટ મેનેજમેન્ટ સમિતિ:-</u>

| | | |
|---|---|---|
| (૧) | અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | અધ્યક્ષશ્રી |
| (૨) | સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ | સભ્યશ્રી |
| (૩) | નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર | સભ્યશ્રી |
| (૪) | સંયુકત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | સભ્યશ્રી |
| (૫) | D.S.A.G. ના એકઝીકયુટીવ ડાયરેકટરશ્રી | સભ્યશ્રી |
| (૬) | D.S.A.G.ના પ્રોજેકટ કન્સલ્ટન્ટશ્રી | સભ્યશ્રી |
| (૭) | નાયબ નિયામક(સી.ઇ.ડી.), ઉદ્યોગ કમિશ્નરની કચેરી, ગાંધીનગર | સભ્ય |
| (૮) | રોજગાર અને તાલીમ નિયામકશ્રીની કચેરીના અધિકારીશ્રી | સભ્યશ્રી |
| (૯) | નાયબ નિયામકશ્રી (તાલીમ) અનુસૂચિત જાતિ કલ્યાણ | સભ્યસચિવશ્રી |

૪. આ સમિતિએ નીચે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

(૧) આ સમિતિએ હાઇસ્કીલ અંગેના અભ્યાસક્રમો, અભ્યાસક્રમોની શૈક્ષણિક લાયકાત, અભ્યાસક્રમોની મુદત વિગેરે બાબતોનો અભ્યાસ કરીને નકકી કરવાનું રહેશે.

(૨) પ્રારંભિક વર્ષમાં આ પ્રકારના વર્ગો રાજયમાં ઝોનવાર શરૂ કરવા માટેની પધ્ધતિ સમિતિ નકકી કરશે.

(૩) ઇ-ટેન્ડરીંગથી મળેલ વિગતો ચકાસીને એજન્સી નકકી કરવા માટે આનુષાંગિક કાર્યવાહી કરશે.

(બ) <u>ટાસ્કફોર્સ કમીટી:-</u>

(૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર

(૨) સંયુકતસચિવશ્રી/નાયબ સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૩) નાયબ નિયામકશ્રી(મ શાખા), અનુસુચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર



Scanned with CamScanner

(૪) નાયબ નિયામકશ્રી (તાલીમ), અનુસૂચિત જાતિ કલ્યાણ,ગાંધીનગર

(૫) D.S.A.G. ના પ્રોજેક્ટ કન્સલ્ટન્ટશ્રી

(૬) કચેરી અધિક્ષકશ્રી (તાલીમ અને સંકલન),અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર. સભ્યસચિવશ્રી

આ સમિતિએ નીચે મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

(૧) આ સમિતિએ D.S.A.G. દ્વારા હાલમાં અનુસૂચિત જન જાતિના ઉમેદવારો માટે ચલાવવામાં આવતી તાલીમનો અભ્યાસ કરીને અનુસૂચિત જાતિના ઉમેદવારો માટે યોજનાની ડિઝાઇન બનાવવાની રહેશે.

(૨) ઉમેદવારોની પસંદગી માટે જાહેરાત આપવા સંબંધમાં કાર્યપધ્ધિતિ નક્કી કરવા અંગેની કાર્યવાહી કરવાની રહેશે.

(૩) યોજનાના મોનીટરીંગ/સુપરવિઝન સૂચનાત્મક કાર્યવાહી કરવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સમાન ક્રમાંકવાળી ફાઇલ પર મળેલ સરકારશ્રીના તા.૧-૦૭-૨૦૧૦ ના આદેશ અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( શામજીભાઇ પટેલ )
સંયુક્ત સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

<u>નકલ રવાના:-</u>

-માન.મંત્રીશ્રી (સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

-અગ્રસચિવશ્રીના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

- સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર



Scanned with CamScanner